ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 8th Sepetember, 202C

પ્રતિ,
તંત્રી શ્રી,
.................................................................................,
ભાવનગર.

## રાષ્ટ્રીય શિક્ષક દિવસ નિમિત્તે 'પાયાના પથ્થર' ત્રિ-દિવસીય ઓનલાઈન શિબિરમાં મુલ્ય શિક્ષણ અને કેળવણીમાં વિજ્ઞાનનું મહત્વ વિષે ૪૭૨૬ લોકો થયા માહિતગાર.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેને સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીના જન્મ દિવસ ૫મી સપ્ટેમ્બરને રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે દેશ ભરમાં ઉજવામાં આવે છે. જે નિમિતે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 'પાયાના પથ્થર' ત્રિ-દિવસીય ઓનલાઈન શિબિરનું આયોજન કરવામ આવેલ.

આ ત્રી-દિવસીય શિબિરમાં પ્રથમ દિવસે શ્રી હિરેનભાઈ ભટ્ટ (પ્રાચાર્ય, DIET ભવન, સીદસર, ભાવનગર) દ્વારા શિક્ષણમ વિજ્ઞાનનું મહત્વ વિષય પર પોતાના અનુભવોમાંથી આજની પેઢી માટે વિજ્ઞાનનું પ્રાયોગિક મહત્વ અને નવી શિક્ષણ નીતિના અંગે વક્તવ્ય આપેલ. બીજા દિવસે શ્રી નલીનભાઈ પંડિત (શિક્ષણવિદ અને GCERTના પૂર્વ નિયામક) દ્વારા ઘરમાં શિક્ષણ અને કેળવણ વિષય પર શિક્ષકો અને વાલીઓ સાથે પરંપરાગત સમયની અને આધુનિક ગણાતી શિક્ષણ પદ્ધતિના તફાવત અને પોતાના બાળકની શૈક્ષણિક કેળવણીની શરૂઆત અંગે ધ્યાનમાં લેવા જેવી વિવિધ બાબતો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ત્રીજા અને અંતિમ દિવસે શ્રી પરેશભાઈ ત્રિવેદી (રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક વિજેતા-૨૦૧૧, આચાર્ય, બી.એમ. કોમર્સ હાઈસ્કુલ) દ્વારા વૈજ્ઞાનિક પરંપરાઓ અને પ્રાચીન શોધોને મુખ્ય વિષય વસ્તુ રાખીને થતી અર્વાચીન શોધો વિષેની સવિશેષ માહિતી આપી, ભારતીય વૈજ્ઞાનિકો પર ગૌરવ લેવ જેવી માહિતીના ફળ સ્વરૂપે વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક અભિગમમાં વધારો થયો.

આ ત્રિ-દિવસીય ઓનલાઈન શિબિર 'પાયાના પથ્થર'માં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા યુ-ટ્યુબના માધ્યમથી કુલ ૪૭૨૬ થી વધારે લોકોએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ.

8/09/2020
4:50 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.